પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬ | ૨૮ માર્ચ, ૨૦૨૨, સોમવાર; ફાગણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

બે વર્ષ બાદ ૩૦મી જુનથી અમરનાથ યાત્રા

શ્રાઇન બોર્ડે તારીખોની કરી જાહેરાત : આ વખતે યાત્રા રક્ષાબંધન સુધી ચાલશે : યાત્રા ૪૩ દિવસ સુધી ચાલશે

જમ્મુ-કાશ્મીર, તા.૨૭

કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી બંધ અમરનાથ યાત્રા આ વર્ષે ફરી શરૂ થવાની છે. શ્રી અમરનાથ શ્રાઇન બોર્ડે રવિવારે યાત્રાની તારીખો જાહેરાત કરી છે. તારીખો જાહેર થતાં બાબાના ભકતોને ખુશીના સમાચાર મળ્યાં છે.

બોર્ડ પ્રમાણે આ વખતે યાત્રા ૩૦ જૂનથી શરૂ થશે અને રક્ષાબંધન સુધી ચાલશે. આ યાત્રા ૪૩ દિવસ સુધી ચાલશે. આ દરમિયાન શ્રદ્ધાલુઓએ કોરોના પ્રોટોકોલનું પાલન કરવું પડશે. આ યાત્રા માટે આગામી મહિને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ શકે છે.

મહત્વનું છે કે શ્રી અમરનાથ ગુફા કાશ્મીર ઘાટીના અનંતનાગ જિલ્લામાં છે. માન્યતા છે કે ત્યાં પર ભગવાન શિવે માતા પાર્વતીને અમર

થવાની રહસ્યકથા સંભળાવી હતી. જે ત્યાં ગુફામાં હાજર બે કબૂતરોએ સાંભળી લીધી હતી. બરફથી લાગેલા પહાડોના ટોપ પર બનેલી એક ગુફામાં દર વર્ષે પ્રાકૃતિક રૂપથી શિવલિંગ બને છે, જેના દર્શન માટે લાખો લોકો ત્યાં પહોંચે છે.

કોરોનાને કારણે છેલ્લા બે વર્ષથી યાત્રા બંધ હતી. હવે મહામારીના કેસ ઘટ્યા બાદ લોકો આ યાત્રીની રાહ જોઈ રહ્યાં હતા. શ્રી અમરનાથ શ્રાઇન બોર્ડે રવિવારે આ યાત્રાની તારીખોની જાહેરાત કરી બાબાના ભકતોને ખુશીના સમાચાર આપ્યા છે.

દેશની સૌથી દુર્ગમ ધાર્મિક યાત્રાઓમાંથી એક શ્રી અમરનાથ યાત્રા પર બે રસ્તાથી ચઢવામાં આવે છે. એક રસ્તો પહલગામથી છે, જ્યારે બીજો રસ્તો બાલટાલ દ્વારા છે. આ યાત્રા હંમેશા આતંકીઓ અને અલગાવવાદીઓના નિશાના પર રહી છે. જેના કારણે યાત્રા શરૂ થતાં સુરક્ષાની જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવે છે.

આ યાત્રા પર માત્ર તે લોકો જઈ શકે છે, જેની ઉંમર ૧૬થી ૬૫ વર્ષ છે. યાત્રા કરવા માટે બોર્ડની પરમિટ અને ફિટનેસ મેડિકલ સર્ટિફિકેટ હાસિલ કરવું પડે છે. આ સર્ટિફિકેટ વગર યાત્રાની મંજૂરી મળતી નથી.

અમેરિકા યુક્રેનની સાથે ઉભું છે : બાઈડનનો હુંકાર

રશિયાએ NATOની સરહદમાં ઘૂસવાનું વિચારવું નહીં : યુક્રેન આઝાદી માટે લડી રહ્યું છે : આપણે લોકતંત્રને બચાવવા માટે તમામ શક્તિઓથી લડવું પડશે : બાઈડન

નવી દિલ્હી, તા.૨૭

યુક્રેન પર રશિયાના હુમલાને લઈને પોલેન્ડમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન આકરા પાણીએ દેખાઈ રહ્યા છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું છે કે નાટો એકજૂથ છે, તેને તોડી શકાય તેમ નથી. તેમણે ઉમેર્યું હતું કે રશિયા લોકશાહીનું ગળું દબાવી રહ્યું છે. યુક્રેન આજે તેની સ્વતંત્રતા માટે લડી રહ્યું છે. યુક્રેન સાથે અમે અમારી તમામ શક્તિ સાથે ઊભા છીએ. યુક્રેનના લોકો પોતાની આઝાદી માટે લડી રહ્યા છે. આપણે લોકતંત્રને બચાવવા માટે આપણી તમામ શક્તિઓથી લડવું પડશે.

બાઈડને જણાવ્યું છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા રાષ્ટ્રપતિ છે. રશિયા પાસે યુક્રેન પર હુમલો કરવાનું કોઈ કારણ નથી. સંબોધન દરમિયાન, બાઈડને યુક્રેન માટે નાણાકીય સહાયની પણ જાહેરાત કરી. તેમણે કહ્યું કે, બર્બર હુમલા માટે રશિયા જવાબદાર છે. હું યુક્રેનના શરણાર્થીઓને મળ્યો છું અને અમે યુક્રેનના લોકો સાથે ઊભા છીએ.

બાઈડને જણાવ્યું હતું કે અમે યુક્રેનને મદદ કરતા રાખીશું. સાથે જ તેમણે જણાવ્યું કે પ્રતિબંધોને કારણે રશિયાની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. રશિયાએ લોકશાહીનું ગળું દબાવી દીધું છે. બાઈડને અપીલ કરી છે કે યુક્રેનની મદદ માટે તમામ દેશો એકસાથે આવે. અમેરિકા હંમેશા યુક્રેનની રક્ષા માટે ઊભું રહેશે. તેમણે જણાવ્યું હતું કે, નાટો રશિયા

માટે ખતરો નથી.

બાઈડને જણાવ્યું કે અમેરિકાની સેના પોલેન્ડમાં દરેક લોકોની મદદ માટે હાજર છે. નાટો દેશોના સંરક્ષણ માટે અમેરિકા મક્કમપણે ઊભું છે. તેમણે ઉમેર્યું હતું કે, દુનિયાએ લાંબી લડાઈ માટે તૈયાર રહેવું જોઈએ. વિશ્વના દેશોએ અત્યારે યુક્રેનના શરણાર્થીઓને મદદ કરવી જોઈએ.

આજે પ્રમોદ સાવંતની શપથવિધિ

પીએમ મોદી સાથે ૧૦ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી પણ શપથ સમારોહમાં ભાગ લેવા પહોંચશે

પણજી, તા.૨૭

ગોવામાં ૨૮ માર્ચે પ્રમોદ સાવંત ફરી મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવાના છે. આ શપથ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભાજપના અનેક મોટા નેતાઓ હાજર રહેવાના છે. પીએમ મોદી સાથે ૧૦ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી પણ શપથ સમારોહમાં ભાગ લેવા માટે ગોવા પહોંચશે. ગોવાના શ્યામા પ્રસાદ મુખર્જી સ્ટેડિયમમાં પ્રમોદ સાવંત સરકારનો શપથ ગ્રહણ સમારોહ યોજાશે. આ પ્રમોદ સાવંત બીજીવાર ગોવાની કમાન સંભાળશે. આ સમારોહમાં પ્રધાનમંત્રી મોદી સિવાય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, હિમાચલના મુખ્યમંત્રી જયરામ ઠાકુર, અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વ સરમા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ઉત્તરાખંડ અને મણિપુરના મુખ્યમંત્રી પણ હાજર રહેશે.

સાવંતની કેબિનેટમાં આ નેતા થઈ શકે છે સામેલ

૧. પ્રમોદ સાવંત, મુખ્યમંત્રી
૨. વિશ્વજીત રાણે
૩. માવિન ગુહિન્દો
૪. અલિક્સો રેજિનાલ્ડ (અપક્ષ)
૫. ગોવિંદ ગાવડે
૬. રોહન ખંવટે
૭. સુદિન ઢવલીકર (એમજીપી પાર્ટી)
૮. જેનફર મોન્સેરાત
૯. રવિ નાઈક.

કોંગ્રેસ મોંઘવારી સામે દેશવ્યાપી આંદોલન કરશે

થાળી-તાલી વગાડવાની સ્ટાઈલમાં કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવાનું આયોજન : અભિયાન ત્રણ તબક્કામાં યોજાશે

નવી દિલ્હી, તા.૨૭

કોરોના વાયરસની સામે લડવા માટે વડાપ્રધાન મોદીએ લોકોને એક થવા માટે થાળી વગાડવા માટે કહ્યું હતું. હવે કોંગ્રેસે પણ આ પ્લાન પ્રમાણે ઘંટડી અને ઢોલ વગાડવાનો પ્લાન બનાવ્યો છે. પેટ્રોલ-ડીઝલની વધતી કિંમત સામે કોંગ્રેસે 'મોંઘવારી મુક્ત અભિયાન' ચલાવવાનો પ્લાન બનાવ્યો છે. તમને યાદ હશે કે પાછલા વર્ષે ભાજપે ચૂંટણી દરમિયાન કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરી હતી. હવે કોંગ્રેસ મોંઘવારી મુદ્દે સરકારને ઘેરવા માટે ચક્રવ્યુહ બનાવ્યું છે. જે હેઠળ ૩૧ તારીખે સવારે ૧૧ વાગ્યે કોંગ્રેસના કાર્યકર્તા અને સમર્થકો ઘરની બહાર નીકળીને સાર્વજનિક સ્થળો પર ગેસ સિલિન્ડર પર માળા ચઢાવીને ઢોલ વગાડશે. કોંગ્રેસના નેતા કહી રહ્યા છે કે આવું તેઓ એટલા માટે કરી રહ્યા છે કે બહેરી સરકારના ખાન ખુલી જાય અને ઊંઘ ઉડાડી શકાય.

યાદ કરો, કોરોના ભારતમાં ફેલાયો હતો, દર્દીઓ ઝડપથી વધી રહ્યા હતા. દેશમાં લોકોમાં ડર હતો, કોઈને સમજાતું નહોતું કે હવે શું કરવું.. લોકો ઘરોમાં કેદ થઈ ગયા હતા. સૌથી વધુ ખતરો એ લોકો સામે હતો કે જે લોકો પોતાના પરિવારને છોડીને કોરોના સામે જંગ લડી રહ્યા હતા. જેમાં ડૉક્ટર સ્ટાફ, જરુરી સેવાઓ સાથે જોડાયેલા લોકો અને પોલીસ તથા મીડિયાકર્મીનો સમાવેશ થતો હતો. આવા મુશ્કેલ સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધિત કર્યો હતો. અને ૨૨ માર્ચ ૨૦૨૨એ સાંજે ૫ વાગ્યે લોકોને પોતાના ઘરના દરવાજા પર, બાલકનીમાં ઉભા રહીને થાળી કે તાલી વગાડવા માટે કહ્યું હતું. એ દિવસે દેશના લોકોએ થાળી અને તાળી પાડીને કોરોના વચ્ચે રહીને લડી રહેલા લોકોનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

દેશે ૩૦ લાખ કરોડની નિકાસ કરી છે, જે ઐતિહાસિક છે : મોદી

વડાપ્રધાને મન કી બાતમાં ગુજરાતના માધાપુર મેળાની ચર્ચા કરી : નિકાસનો આંકડો ૧૦૦ બિલિયન, ક્યારેક ૧૫૦ બિલિયન, ક્યારેક ૨૦૦ બિલિયન હતો, આજે ભારત ૪૦૦ બિલિયન ડોલર સુધી પહોંચ્યું છે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. આ કાર્યક્રમમાં પીએમ મોદી દેશના હિત સાથે જોડાયેલા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વાત કરી હતી. જણાવી દઈએ કે, ચાર રાજ્યોમાં તાજેતરમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની જીત બાદ મન કી બાતનું આ પ્રથમ પ્રસારણ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રેડિયો કાર્યક્રમ મન કી બાત બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા તેમજ અન્ય ભાજપના કાર્યકરોએ સાંભળ્યો હતો. પ્રધાનમંત્રીનું રેડિયો સંબોધન દર મહિનાના છેલ્લા રવિવારે થાય છે. દર મહિનાની જેમ આ કાર્યક્રમ માટે પણ પીએમ મોદીએ સામાન્ય

લોકો પાસેથી સૂચનો અને ફરિયાદો માંગી હતી.

લોકોએ સોશિયલ મીડિયા દ્વારા મોટી સંખ્યામાં તેમની ફરિયાદો અને સૂચનો રજૂ કર્યા છે. કાર્યક્રમમાં પીએમ મોદીએ ભારતમાં બનેલી વસ્તુઓની વિશ્વમાં માંગ, નિકાસમાં મળેલી સિદ્ધિ વિશે વાત કરી.

પીએમએ પોતાના કાર્યક્રમમાં કહ્યું કે આપણા દેશે ૩૦ લાખ કરોડની નિકાસ કરી છે, જે ઐતિહાસિક છે. પીએમ મોદીએ કહ્યું કે મારા વ્હાલા દેશવાસીઓ, અમે ગઈ અઠવાડિયે એક એવી સિદ્ધિ હાંસલ કરી, જેણે અમને બધાને ગર્વ થશે. ભારતે ગયા અઠવાડિયે ૪૦૦ અબજ ડોલર એટલે કે ૩૦ લાખ કરોડ રૂપિયાના નિકાસ લક્ષ્યાંકને હાંસલ કર્યો હતો. આ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી બાબત છે, પરંતુ તે અર્થતંત્ર કરતાં ભારતની ક્ષમતા સાથે વધુ સંબંધિત છે.

દિગ્વિજય સિંહને ખાસ કોર્ટે ૧ વર્ષ જેલની સજા ફટકારી

વિશેષ ન્યાયાધીશે દિગ્વિજય સહિતી તમામ ૬ દોષિતોની અપીલ પર તેમની સજા પર તાત્કાલિક રોક લગાવી દીધી

ઈન્દોર, તા.૨૭

મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં વર્ષ ૨૦૧૧ માં ભારતીય જનતા યુવા મોરચાના પ્રદર્શનકારી કાર્યકર્તા સાથે વિવાદ મામલે ઈન્દોરની વિશેષ કોર્ટે કોંગ્રેસના રાજ્ય સભા સાંસદ દિગ્વિજય સિંહ સહિત ૬ લોકોને શનિવારના એક-એક વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે તમામ ૬ દોષિયોને ૫-૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. વિશેષ ન્યાયાધીશ મુકેશ નાથે દિગ્વિજય અને ઉજ્જૈનના પૂર્વ લોક સભા સાંસદ પ્રેમચંદ ગુડ્ડૂને ઈન્ડિયન પીનલ કોડ (IPC) ની કલમ ૩૨૫ (ઈરાદાપૂર્વક ગંભીર ઈજા) અને કલમ ૧૦૯ (અન્ય લોકોને મારવા માટે ઉશ્કેરવું) હેઠળ દોષિ ઠહેરાવ્યા, જ્યારે ચાર અન્ય વ્યક્તિઓ- અનંત નારાયણ, જય સિંહ દરબાર, અસલમ લાલા અને દિલીપ ચોધરીને કલમ ૩૨૫ હેઠળ દોષી ઠહેરાવ્યા હતા.

કોર્ટે આ મામલે ત્રણ અન્ય આરોપીઓ- ઉજ્જૈન જિલ્લાના તરાના ક્ષેત્રના કોંગ્રેસ ધારાસભ્ય મહેશ પરમાર, મુકેશ ભાટી અને હેમંત ચૌહાણને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા. બાદમાં વિશેષ ન્યાયાધીશે દિગ્વિજય સહતી તમામ ૬ દોષિતોની અપીલ પર તેમની સજા પર તાત્કાલિક રોક લગાવી દીધી અને તેમના ૨૫,૦૦૦- ૨૫,૦૦૦ રૂપિયાના જામીન પર મુક્ત કર્યા હતા.

જામીન પર મુક્ત થયા બાદ દિગ્વિજયે કહ્યું કે તે વિશેષ કોર્ટના નિર્ણય વિરૂધ હાઈ કોર્ટમાં અપીલ કરશે. તેમણે પોતાની વિરૂધ નોંધાયેલી એફઆઈઆરના ખોટી ગણાવતા કહ્યું, 'મારું નામ

● અનુસંધાન પાન-૭ પર

ઈમરાન ખાનને વધુ એક ઝટકો

ગઠબંધનના સહયોગીએ છોડ્યો સાથ : એમએનએ શાહઝૈન બુગતીએ સરકારમાંથી રાજીનામુ આપવા અને વિપક્ષનો સાથ આપવાની જાહેરાત કરી

ઈસ્લામાબાદ, તા.૨૭

પાકિસ્તાનમાં રાજકીય હલચલ વચ્ચે પ્રધાનમંત્રી ઈમરાન ખાનના વિશેષ સહાયક અને એમએનએ શાહઝૈન બુગતીએ સરકારમાંથી રાજીનામુ આપવા અને વિપક્ષનો સાથ આપવાની



જાહેરાત કરી છે. બિલાવલ ભુટ્ટો અને શાહઝૈન બુગતી બંનેએ સાથે પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. પત્રકાર દરમિયાન બુગતીએ ઈમરાન સરકારમાંથી પોતાના રાજીનામાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, બલૂચિસ્તાનમાં લોકોના વિશ્વાસને ઠેસ પહોંચી છે. દેશની સ્થિતિ જોઈને મેં રાજીનામુ આપવાનો નિર્ણય કર્યો છે. અમે બિલાવલ અને વિપક્ષની સાથે છીએ. બિલાવલ ભુટ્ટોએ કહ્યુ કે શાહઝૈન બુગતીનું સરકારમાંથી રાજીનામુ આપવાનું પગલું સાહસિક છે. જમ્હૂરી વતન પાર્ટીના પ્રમુખ અને એમએનએ શાહઝૈન બુગતીએ રવિવારે પાકિસ્તાન પીપુલ્સ પાર્ટીના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો જરદારી પાસે પહોંચ્યા બાદ સંસદ મંત્રીમંડળમાંથી રાજીનામુ આપવા અને સરકારથી અલગ થવાની જાહેરાત કરી હતી. બિલાવલ ભુટ્ટોના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે અન્ય વિપક્ષી નેતાઓની સાથે જમ્હૂરી વતન પાર્ટીના પ્રમુખ અને એમએનએ શાહઝૈન બુગતી સાથે મુલાકાત કરી અને પ્રધાનમંત્રી ઈમરાન ખાન વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ માટે સમર્થન માંગ્યું. બિલાવલ ભુટ્ટો અને શાહઝૈન બુગતીએ દેશમાં રાજકીય વિકાસ પર ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન બંને પક્ષના સભ્યો હાજર હતા. ત્યઁ ના સ્વચ્છ શાહઝૈન બુગતી ઈમરાન ખાન ગઠબંધન સરકારનો ભાગ હતા. મીડિયા સાથે વાત કરતા જેડબ્લ્યૂપી નેતાએ કહ્યુ કે, વર્તમાન સરકારે બલૂચિસ્તાનના લોકોનો વિશ્વાસ ખોયો છે, જેના કારણે તેણમે મંત્રીમંડળમાંથી રાજીનામુ આપ્યું છે. તેમણે કહ્યું, હું હવેથી પીડીએમની સાથે છું. બિલાવલ ભુટ્ટો ઝરદારીએ કહ્યુ કે, સરકારે બહુમત ગુમાવી દીધો છે અને તેમની પાસે જવા સિવાય કોઈ માર્ગ નથો. તેમણે કહ્યું કે, અમે અન્ય વિપક્ષી દળો સાથે વાતચીત કરી રહ્યાં છીએ.

મુરાદાબાદ વિશ્વનું બીજું સૌથી વધુ ધ્વનિ પ્રદૂષિત શહેર

નવી દિલ્હી, તા.૨૭

ઉત્તર પ્રદેશનું મુરાદાબાદ શહેર ધ્વનિ પ્રદૂષણની દ્રષ્ટિએ વિશ્વનું બીજું સૌથી પ્રદૂષિત શહેર માનવામાં આવે છે. મુરાદાબાદમાં સૌથી વધુ ૧૧૪ ડેસિબલ્સ (ડીબી) ધ્વનિ પ્રદૂષણ નોંધાયું છે. યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP)ના તાજેતરના રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં કુલ ૬૧ શહેરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ધ્વનિ પ્રદૂષણની યાદીમાં બાંગ્લાદેશની રાજધાની ઢાકાનું નામ પ્રથમ સ્થાન પર છે, જેનું સૌથી વધુ ૧૧૯ ડેસિબલ છે. ઢાકા અને મુરાદાબાદ પછી યાદીમાં ત્રીજા નંબરે પર ૧૦૫ ડેસિબલ સાથે ઈસ્લામાબાદ છે. આ યાદીમાં દક્ષિણ એશિયાના કુલ ૧૩ શહેરોના નામ છે, જેમાંથી પાંચ શહેરો ભારતના પણ છે. મુરાદાબાદ ઉપરાંત કોલકાતા (૮૯ ડીબી), પ. બંગાળના આસનસોલ (૮૯ ડીબી), જયપુર (૮૪ ડીબી) અને રાજધાની દિલ્હી (૮૩ ડીબી)ના નામ પણ સામેલ છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

બેસણું

અમારા પરમપૂજ્ય પિતા
શ્રી શાંતિલાલ બાલુભાઈ ચૌહાણનું
આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનુ બેસણું તા. ૨૮/૦૩/૨૦૨૨ સોમવારના રોજ
ઝુલેલાલ સાંઈબાબા મંદિર સેક્ટર-૩૦ ગાંધીનગર ખાતે
સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે

ગં.સ્વ. વાસંતીબેન શાંતીલાલ ચૌહાણ ● ફાલ્ગુની રાજીવકુમાર વઢવાણા
વિક્રમ શાંતીલાલ ચૌહાણ ● ધીરેન શાંતીલાલ ચૌહાણ
ભાવેશ શાંતીલાલ ચૌહાણ : ૯૮૨૫૦ ૫૧૨૫૬

લૌકિક વ્યવહાર રાખેલ નથી